# કેશોદ નગરપાલિકા

## :: જાહેરાત ::

કેશોદ નગરપાલિકામાં અગ્નિશમન સેવાના કર્મચારીઓની ભરતી માટે કમિશ્નરશ્રી મ્યુનિસિપાલીટી એડમીનીસ્ટ્રેશનની કચેરી ગાંધીનગરના હુકમ નં. કમિ.મ્યુનિ.એડી/મકમ-૧/ફા.નં.૧૬૪૨/ફાયર મહેકમ/વશી/૭૮/૨૦૧૯ તા.૧૬/૦૧/૨૦૨૦ થી મંજુર થયેલ જગ્યાઓ માટે મહે. પ્રાદેશિક કમિશ્નર સાહેબ ભાવનગરના હુકમ નં. પ્રા.કમી.ન.પા./મકમ/અગ્નિ.સે.ભરતી-બઢતીના નિયમો/વશી-૨૮૪/૧૪૫૭/ ૨૦૨૦ તા.૧૭/૦૬/૨૦૨૦ થી ભરતી-બઢતીના નિયમો મંજુર કરવામાં આવેલ છે. તેમજ કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલીટી એડમીનીસ્ટ્રેશનની કચેરી ગાંધીનગરના પત્ર નં.કમિ.મ્યુનિ.એડી/મહેકમ-૧/વશી/ફાયર ભરતી/૨૦૨૦ તા.૦૮/૧૨/૨૦૨૦ થી ઉકત ફાયર ભરતીના રોસ્ટર બાબતેની સ્પષ્ટતા રજુ થયા મુજબ લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસ સુધીમાં R.P.A.D./સ્પીડ પોસ્ટથી અરજી કરવાની રહેશે. વધુ વિગત માટે કેશોદ નગરપાલિકા કચેરીની મહેકમ શાખામાં સંપર્ક કરવાનો રહેશે.

| અ.નં. | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | વર્ગ | શૈક્ષણિક લાયકાત, ટેકનીકલ લાયકાત, અનુભવ તથા વયમર્યાદા | કેટેગરી |
|---|---|---|---|---|---|
| ૧ | નાયબ એકાઉન્ટન્ટ | ૦૧ | ૩ | **(૧) શૈક્ષણિક લાયકાત**<br>(ક) સીધી ભરતીથી પસંદગીમાં નિમણુક થવા માટે માન્ય યુનિવર્સીટી/સંસ્થામાંથી બેચલર ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશન અથવા બેચલર ઓફ કોમર્સ અથવા બેચલર ઓફ સાયન્સ (મેથેમેટીક્સ/સ્ટેટેટીકસ) અથવા બેચલર ઓફ આર્ટસ (સ્ટેટેટીકસ/ઈકોનોમીકસ/ મેથેમેટીક્સ) ના સ્નાતક અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઇએ.<br>(ખ) કોમ્પ્યુટરના બેઝીક નોલેજ તથા સી.સી.સી.પરીક્ષા પાસનુ કોઇપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઇએ<br>(ગ) કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવી લાયકાત સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇએ. અથવા<br>(ઘ) ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇએ. અરજી કરવાના તબક્કે ઉમેદવાર આવુ પ્રમાણપત્ર ધરાવતા ના હોય તો પણ અરજી કરી શકાશે પરંતુ નિમણુંક મેળવતા પહેલા ઉમેદવારે આવુ પ્રમાણપત્ર અચુક રજુ કરવાનું રહેશે, અન્યથા આવા ઉમેદવાર નિમણુંક મેળવ્યા બાદ અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાનું રહેશે.<br>(ચ) અંગ્રેજી અને ગુજરાતીમાં ડેટા એન્ટ્રીની કામની કલાક દિઠ ચોકસાઇપૂર્વક ૫૦૦૦ કી ડિપ્રેશનથી ઓછી નહી તેટલી ઝડપ ધરાવતા હોવા જોઇએ.<br>(છ) ગુજરાતી અને હિન્દી અથવા બન્ને ભાષાનું સામાન્ય જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.<br>**(૨) વય મર્યાદા**<br>૨૮ વર્ષથી વધુ નહી (નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીને લાગુ પડશે નહી) | જનરલ |
| ૨ | કલાર્ક | ૦૧ | ૩ | **(૧) શૈક્ષણિક લાયકાત**<br>(ક) સીધી ભરતીથી પસંદગીમાં નિમણુક થવા માટે માન્ય યુનિવર્સીટીમાંથી સ્નાતક અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઇએ.<br>(ખ) કોમ્પ્યુટરના બેઝીક નોલેજ તથા સી.સી.સી.પરીક્ષા પાસનું કોઇપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઇએ.<br>(ગ) કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવી લાયકાત સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇએ. અથવા<br>(ઘ) ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇએ અરજી કરવાના તબક્કે ઉમેદવાર આવુ પ્રમાણપત્ર | જનરલ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | ધરાવતા ના હોય તો પણ, અરજી કરી શકાશે પરંતુ નિમણુંક મેળવતા પહેલા ઉમેદવારે આવુ પ્રમાણપત્ર અચુક રજુ કરવાનું રહેશે, અન્યથા આવા ઉમેદવાર નિમણુંક મેળવવા પાત્ર ઠરશે નહી.<br>(ચ) અંગ્રેજી અને ગુજરાતીમાં ડેટા એન્ટ્રીની કામની કલાક દિઠ ચોકસાઇપૂર્વક ૫૦૦૦ કી ડિપ્રેશનથી ઓછી નહી તેટલી ઝડપ ધરાવતા હોવા જોઇએ.<br>(છ) ગુજરાતી અને હિન્દી અથવા બન્ને ભાષાનું સામાન્ય જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.<br>**(૨) વય મર્યાદા**<br>૨૮ વર્ષથી વધુ નહી (નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીને લાગુ પડશે નહી) | |

૧. ઉપરોકત જગ્યાઓ માટેની અરજી જાહેરાત પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસ સુધીમાં ચીફ ઓફિસરશ્રી, કેશોદ નગરપાલિકા, સરદારભવન, ચારચોક, કેશોદ-૩૬૨૨૨૦ જી.જુનાગઢ ખાતે ફકત રજીસ્ટર પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી મોકલી આપવાની રહેશે. અન્ય રીતે રજુ થયેલ અરજી રદ પાત્ર થશે.

૨. અરજદારે અરજી સાથે તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઇઝ ફોટા નંગ-૦૩, શાળા છોડયાનું પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાતની સ્વ-પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારે જાતિ અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૩. ઉપરોકત તમામ જગ્યાઓ માટે અરજી સાથે બિન અનામત વર્ગના અજદારે રૂ.૫૦૦/- નો ડીમાન્ડ ડ્રાફટ, ચીફ ઓફિસરશ્રી કેશોદ નગરપાલિકાના નામથી મોકલવાનો રહેશે. અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ તથા શૈક્ષણિક પછાત વર્ગ તથા આર્થિક નબળા વર્ગના ઉમેદવારે કોઇ ફી ભરવાની રહેશે નહી. પરંતુ શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે શા.શૈ.પ.વર્ગનું નોન-ક્રીમીલીયરનું પ્રમાણપત્ર તથા આર્થિક નબળા વર્ગના ઉમેદવારે જાહેરાતની તારીખે માન્યતા પ્રાપ્ત પ્રમાણપત્ર ફરજીયાત રજુ કરવાનું રહેશે અને અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિના ઉમેદવારોએ જાતિ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તેના સિવાય અનામતના લાભો મળવાપાત્ર થશે નહી.

૪. અરજી કવર ઉપર જે જગ્યા માટે અરજી કરેલ હોય તે જગ્યાનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. દા.ત. "નાયબ એકાઉન્ટન્ટ તરીકેની અરજી"

૫. વય મર્યાદા સરકારશ્રીના નિતિ નિયમ મુજબની રહેશે તેમજ અનામત વર્ગના ઉમેદવારોને સરકારશ્રીના નિયમ મુજબ ઉંમરમાં છુટછાટ મળવાપાત્ર થશે. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે નિયત શૈક્ષણિક લાયકાત જરૂરી તથા વય મર્યાદા ધરાવતા હોવા જોઇએ.

૬. દરેક જગ્યા માટે ઉમેદવારે અલગથી અરજી કરવાની રહેશે. અરજદાર દ્વારા એક જગ્યા માટે બે અરજી કરવામાં આવે તો આખરી અરજી માન્ય રાખવામાં આવશે.

૭. એક જ અરજી પત્રકમાં એક કરતાં વધુ જગ્યા માટે અરજી કરેલ હશે તો અરજીપત્રક રદ કરવામાં આવશે.

૮. અરજી પત્રક કેશોદ નગરપાલિકાની મહેકમ શાખામાંથી રૂબરૂ અથવા **www.keshodnagarpalika.com** ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

૯. અધુરી ફી, સમય મર્યાદા બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી. અને આ અંગે કોઇ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

૧૦. આ જાહેરાત તથા સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઇપણ કારણોસર ફેરફાર કરવાની કે સંપુર્ણ અથવા અંશતઃ રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાની તથા પસંદગી કરવી કે ન કરવી તે અંગે નગરપાલિકાનો સંપુર્ણ અબાધિત હકક/ અધિકાર નગરપાલિકાને રહેશે. નગરપાલિકા આ બાબતે કોઇ કારણો આપવા બંધાયેલ રહેશે નહી. જગ્યાઓની સંખ્યા અંદાજીત છે. જે ફેરફારને પાત્ર રહેશે.

૧૧. અનામત વર્ગના ઉમેદવાર સામાન્ય જગ્યા ઉપર અરજી કરે છે તો અનામતના કોઇ લાભ મળવાપાત્ર રહેશે નહી અને સામાન્ય વર્ગના ઉમેદવાર તરીકેની શરતો લાગુ પડશે.

૧૨. સરકારશ્રીની નિતી અનુસાર વર્ગ-(૩) સંવર્ગના કર્મચારીઓની પ્રથમ નિમણુંક ૫(પાંચ) વર્ષના ફીકસ પગારથી કરવામાં આવશે. વર્ગ-(૩) સંવર્ગના કર્મચારીઓનો કરારીય સમયગાળો પુર્ણ થયેથી તેઓને નગરપાલિકાના પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર પગાર-ભથ્થા મળવાપાત્ર થશે.

૧૩. માન્યતા પ્રાપ્ત અરજીઓ મુજબના ઉમેદવારોની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.

**લેખિત સ્પર્ધાત્મક કસોટી સીલેબસ**

(૧) નાયબ એકાઉન્ટન્ટ

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | (૧) સામાન્ય વિજ્ઞાન (૨) ગુજરાતનો ઇતિહાસ (૩) ગુજરાતની ભૌગોલિક બાબતો તથા કુદરતી સંપત્તિ (૪) ગુજરાતની ખેતી અને ઉદ્યોગો (૫) ગુજરાતનો સાંસ્કૃતિક વારસો-સાહિત્ય-કલા, ધર્મ (૬) ખેલ જગત (૭) ગુજરાતની રાજનીતિ (૮) પંચાયતી રાજ (૯) મહાગુજરાત આંદોલન-સ્થાપના અને ત્યારબાદની મહત્વની ઘટનાઓ (૧૦) વિવિધ ક્ષેત્ર દેશમાં મહિલાઓનો ફાળો (૧૧) ભારતનું બંધારણ (૧૨) તાજેતરના મહત્વના રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય મુદાઓ/બનાવો (૧૩) પર્યાવરણ (૧૪) સરકારી યોજનાઓ (૧૫) ડીઝાસ્ટર મેનેજમેન્ટ વિગેરે | ૭૫ | ૧૨૦ મીનીટ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ગુજરાતી વ્યાકરણ | ૧૫ | |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૧૦ | |
| ૪ | (૧) નામા પધ્ધતિ (૨) આંકડાશાસ્ત્ર (૩) ગણિત (૪) અર્ગશાસ્ત્ર-ગુજરાત અને દેશની અર્થ વ્યવસ્થા (૫) જાહેર વહીવટ (૬) સામાન્ય બૌધિક કસોટી (૭) કોમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન વિગેરેનો સમાવેશ થશે. | ૫૦ | |
| | કુલ ગુણ | ૧૫૦ | |

(૨) કલાર્ક

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | (૧) સામાન્ય વિજ્ઞાન (૨) ગુજરાતનો ઇતિહાસ (૩) ગુજરાતની ભૌગોલિક બાબતો તથા કુદરતી સંપત્તિ (૪) ગુજરાતની ખેતી અને ઉદ્યોગો (૫) ગુજરાતનો સાંસ્કૃતિક વારસો-સાહિત્ય-કલા, ધર્મ (૬) ખેલ જગત (૭) ગુજરાતની રાજનીતિ (૮) પંચાયતી રાજ (૯) મહાગુજરાત આંદોલન-સ્થાપના અને ત્યારબાદની મહત્વની ઘટનાઓ (૧૦) વિવિધ ક્ષેત્ર દેશમાં મહિલાઓનો ફાળો (૧૧) ભારતનું બંધારણ (૧૨) તાજેતરના મહત્વના રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય મુદાઓ/બનાવો (૧૩) પર્યાવરણ (૧૪) સરકારી યોજનાઓ (૧૫) ડીઝાસ્ટર મેનેજમેન્ટ (૧૬) જાહેર વહીવટ (૧૭) સામાન્ય બૌધિક કસોટી (૧૮) કોમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન વિગેરે | ૧૦૦ | ૧૨૦ મીનીટ |
| ૨ | ગુજરાતી વ્યાકરણ | ૨૫ | |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૨૦ | |
| | કુલ ગુણ | ૧૫૦ | |

૧૪. ભરતી અંગેની માહિતી કેશોદ નગરપાલિકાના નોટીસ બોર્ડ ઉપર તથા **www.keshodnagarpalika.com** વેબસાઇટ ઉપરથી મેળવી શકાશે.

૧૫. શારીરિક ક્ષમતા તથા કસોટી તથા લેખિત પરીક્ષા સંભવિત ઓગષ્ટ-૨૦૨૧/સપ્ટેમ્બરમાં યોજવામાં આવશે.

૧૬. જાહેરાતમાં આપેલ ફોર્મ નમુનારૂપે આપવામાં આવેલ છે. તેમાં બિડાણ કરવાના જરૂરી ડોકયુમેન્ટની વિગત ડીટેઇલ જાહેરાતમાંથી મેળવી લેવા વિનંતી.

કેશોદ મ્યુ.જા.નં. ૫૧૯/૨૦૨૧-૨૨
તારીખ : ૩૦/૦૭/૨૦૨૧
સ્થળ : કેશોદ

સભ્ય સચિવ
પસંદગી સમિતિ અને ચીફ ઓફિસર
કેશોદ નગરપાલિકા જી.જુનાગઢ

અરજી ફોર્મ વિનામુલ્યે

# કેશોદ નગરપાલિકા,કેશોદ

# નાયબ એકાઉન્ટન્ટનું અરજી ફોર્મ

તાજેતરનો રંગીન
પાસપોર્ટ સાઈઝનો ફોટો

પ્રતિ,

સભ્ય સચિવશ્રી,
પસંદગી સમિતિ અને
ચીફ ઓફિસર
કેશોદ નગરપાલિકા

નાયબ એકાઉન્ટન્ટની જગ્યા પર નિમણુંક આપવા અંગેની ઉમેદવાર તરીકેની અરજી.

ઉમેદવારનું નામ :-.....................................................................

હાલનું સરનામું :-.....................................................................

.....................................................................

જન્મ તારીખ :-.................................ઉંમર/વર્ષ............................ મોબાઈલ નં..........................

જાતિ:-........................... જ્ઞાતિ / પેટા જ્ઞાતિ :-.................................... કેટેગરી.......................

મારી શૈક્ષણિક અને અન્ય લાયકાત નીચે મુજબ છે.

| શૈક્ષણિક લાયકાત | પરીક્ષા પાસ કર્યાનું વર્ષ | બોર્ડ/યુનિ.નું નામ | ટકા/ગ્રેડ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

અરજી ફીની વિગત:- ડિમાન્ડ ડ્રાફ્ટ નં............તા...............

# <u>બાંહેધરી</u>

આથી હું .................................... ગામ...................... તાલુકો................ જીલ્લો............

ખાતરી આપું છું કે ઉપર જણાવેલ તમામ હકીકતો મારી ઉત્તમ જાણ મુજબ સાચી અને ખરી છે ઉપરોક્ત માહિતી જો ખોટી જણાશે તો મારી ઉમેદવારી આપોઆપ રદ ગણાશે.

તારીખ.:- **ઉમેદવારની સહી**

**જાહેરાત મુજબના સ્વ-પ્રમાણિત ડોકયુમેન્ટ બિડાણની વિગતઃ-**

(૧)
(૨)
(૩)
(૪)
(૫)
(૬)
(૭)
(૮)
(૯)

જાહેરાતમાં આપેલ ફોર્મ નમુનારૂપે આપવામાં આવેલ છે. તેમાં બિડાણ કરવાના જરૂરી ડોકયુમેન્ટની વિગત ડીટેઈલ જાહેરાતમાંથી મેળવી લેવા વિનંતી.

**અરજી ફોર્મ વિનામુલ્યે**

# કેશોદ નગરપાલિકા,કેશોદ
# કલાર્કનું અરજી ફોર્મ

તાજેતરનો રંગીન
પાસપોર્ટ સાઈઝનો ફોટો

પ્રતિ,

સભ્ય સચિવશ્રી,
પસંદગી સમિતિ અને
ચીફ ઓફિસર
કેશોદ નગરપાલિકા

કલાર્કની જગ્યા પર નિમાણુંક આપવા અંગેની ઉમેદવાર તરીકેની અરજી.

ઉમેદવારનું નામ :-....................................................................

હાલનું સરનામું :-.....................................................................

.......................................................................

જન્મ તારીખ :-.................................ઉંમર/વર્ષ............................ મોબાઈલ નં..........................

જાતિ:-.......................... જ્ઞાતિ / પેટા જ્ઞાતિ :-.................................... કેટેગરી.......................

મારી શૈક્ષણિક અને અન્ય લાયકાત નીચે મુજબ છે.

| શૈક્ષણિક લાયકાત | પરીક્ષા પાસ કર્યાનું વર્ષ | બોર્ડ/યુનિ.નું નામ | ટકા/ગ્રેડ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

અરજી ફીની વિગત:- ડિમાન્ડ ડ્રાફ્ટ નં............તા...............

# <u>બાંહેધરી</u>

આથી હું ..................................... ગામ....................... તાલુકો................. જીલ્લો.............

ખાતરી આપું છું કે ઉપર જણાવેલ તમામ હકીકતો મારી ઉત્તમ જાણ મુજબ સાચી અને ખરી છે ઉપરોક્ત માહિતી જો ખોટી જણાશે તો મારી ઉમેદવારી આપોઆપ રદ ગણાશે.

તારીખ.:- **ઉમેદવારની સહી**

**જાહેરાત મુજબના સ્વ-પ્રમાણિત ડોક્યુમેન્ટ બિડાણની વિગતઃ-**

(૧)
(૨)
(૩)
(૪)
(૫)
(૬)
(૭)
(૮)
(૯)

જાહેરાતમાં આપેલ ફોર્મ નમુનારૂપે આપવામાં આવેલ છે. તેમાં બિડાણ કરવાના જરૂરી ડોક્યુમેન્ટની વિગત ડીટેઇલ જાહેરાતમાંથી મેળવી લેવા વિનંતી.